| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૧/૧૦/૨૦૨૦ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૬૭૦/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**

**તા.૩૦/૦૯/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૫૪૯ | ૧૦ | ૧૦૫૫૯ | ૧૬૬૪૮ | ૧૨ | ૧૬૬૬૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૧ | ૦ | ૪૩૪૧ | ૫૮૫૬ | ૦ | ૫૮૫૬ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૫૯૦ | ૪૮ | ૧૪૬૩૮ | ૧૫૩૪૧ | ૫૫ | ૧૫૩૯૬ |
| | કુલ | ૨૯૫૨૮ | ૫૮ | ૨૯૫૮૬ | ૩૮૦૬૪ | ૬૭ | ૩૮૧૩૧ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૩ | ૧૨,૯૭,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૮૮ | ૧૬,૮૮,૦૦૦/- |

# ગેરકાયદેસર હથિયાર રાખવાના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમબ્રાંચ :- (૧)**

## અગાઉ દુષ્કર્મ તથા ચોરીના ગુનામાં પકડાયેલ એક આરોપીને ગેરકાયદેસર દેશી તમંચા સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમબ્રાન્ચ

અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર હથિયારોના ગુનાઓ શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી અમીત વિશ્વકર્મા સાહેબનાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ.શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા દરમ્યાન તા.૨૯/૦૯/૨૦૨૦ નારોજ સ્ટાફના એ.એસ.આઈ. નીતીનભાઈ વેલાભાઈ તથા હે.કો. કૃષ્ણકાંત તેરસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે નારોલ સર્કલ જલપરી ગેસ્ટહાઉસ સામેથી એક આરોપી વિનય ઉર્ફે ઢીચકુ સ/ઓ સુગરસીંગ જંગબહારદુરસીંગ ચૌહાણ ઉ.વ.૨૩ રહે. હાલ નાગજી રબારીના છાપરા, દિવ્યપ્રભા સોસાયટી, ગણેશ સાયકલની પાછળ, વિરાટનગર, ઓઢવ, અમદાવાદ શહેર મુળ રહે. ૭૭ અરવિંદમીલની ચાલી, ચામુંડા સ્મશાનની પાછળ, અનિલસ્ટાર્ચ રોડ, શહેરકોટડા, અમદાવાદ શહેર મુળ ગામ કનોજ, યુ.પી. નાને એક દેશી બનાવટનો તમંચો કિ.રૂ.૪૫૦૦/- ની મત્તા સાથે પકડી પાડી અત્રે ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ બી ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૧૨૦૦૧૪૦/૨૦૨૦ ધી આર્મ્સ એકટ કલમ ૨૫(૧-બી) (એ) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ ગુન્હો રજી. કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

આ કામે પકડાયેલ વિનય ઉર્ફે ઢીચકુ ચૌહાણની પુછપરછ કરતાં આ દેશી બનાવટનો તમંચો તે પોતાના વતન ઉત્તરપ્રદેશ સીકંદરબાદ ખાતેથી લાવેલ હોવાનું જણાવેલ હોય તેની પાસે બીજા પણ આવા પ્રકારનાં હથિયારો મળી આવે તેમ હોય આવા પ્રકારના બીજા ગુનાઓનો પણ ભેદ ઉકેલાય તેવી શકયતા હોય આગળની વધુ પુછપરછ તપાસ પો.સબ.ઈન્સ. વાય.જી.ગુર્જર નાઓ ચલાવી રહેલ છે.

આરોપીનો ગુનાહીત ઇતીહાસ પકડાયેલ આરોપી વિનય ઉર્ફે ઢીચકુ સ/ઓ સુગરસીંગ જંગબહારદુરસીંગ ચૌહાણ સને ૨૦૧૬માં શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં ૩૭૬ ના ગુનામાં પકડાયેલ હતો. જેમાં ૪ મહિના જેલમાં રહેલ તેમજ આજથી એકાદ વર્ષ અગાઉ શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ચોરીના ગુનામાં પકડાયેલ હતો.



**<u>ક્રાઇમબ્રાંચ :- (૨)</u>**

## વસ્ત્રાપુર પો.સ્ટેશન વિસ્તારમાં રાત્રીના સમયે એક્સેસ સ્કુટર ઉપર બે ઇસમો આવી તમંચો બતાવી રોકડા રૂપિયા તથા મોબાઇલ ફોનની લુંટ કરનાર આરોપીઓને દેશી તમંચો-૧, તથા કાર્ટીસ -૨ સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૪૬૭/૨૦૨૦ તથા વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૪૬૮/૨૦૨૦ ધી ઈ.પી.કો. કલમ – ૩૯૨, ૧૧૪ તથા ધી આર્મ્સ એકટ કલમ- ૨૫(૧)બી મુજબના કામે આલ્ફા-૧ મોલની સામે તથા થલતેજ ચાર રસ્તા પાસે ટાઇટેનીયમ સ્ક્વેરની સામે ગઇ તા.૨૫/૦૯/૨૦૨૦ ના રોજ મોડી રાત્રીના સમયે એક્સેસ સ્કુટર ઉપર બે અજાણ્યા ઇસમોએ એકલ દોકલ જતા ઇસમોને હથિયાર બતાવી તેઓની પાસેથી રોકડા રૂપિયા તથા મોબાઇલ ફોન તથા અન્ય કિમતી ચીજ વસ્તુઓની લુટ કરી લઇ જવા બાબતે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે બે લુટના ગુનાઓ નોંધાયેલ હતા.

ઉપરોક્ત લૂંટના ગંભીર બનાવ અંગેના ગુનાની જાહેરાત થતાં ક્રાઇમ બ્રાન્ચના સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ નાઓના સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ નાઓએ આ ગુનો શોધી કાઢવા પોતાની ટીમના પો.સ.ઈ. શ્રી વી.એન.ભરવાડ તથા કર્મચારીઓ તથા બાતમીદારો મારફતે કાર્યવાહી હાથ ધરેલ. આ દરમ્યાન એ.એસ.આઇ. વિષ્ણુભાઇ તથા પો.કોન્સ. ભાવિકસિહ નાઓને મળેલ સયુકત બાતમી હકિકત આધારે જય મંગલ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ, ઘાટલોડીયા પાસેથી આરોપી સુરેશ ઉર્ફે રઘુ સ/ઓ શંકરભાઇ ભીમજીભાઇ પ્રજાપતિ ઉ.વ.૨૨ રહે. એમ-૧૧૦/૧૩૧૧ લક્ષ્મીકુપા ફ્લેટ, સુર્યા એપાર્ટમેન્ટની બાજુમાં પારસનગર વિ-૨ ઘાટલોડીયા અમદાવાદ શહેર મુળ ગામ:- સરાડા કુંભારવાસ થાના. સરાડા તા. સરાડા જી. ઉદેપુર રાજસ્થાન તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નાઓને પકડી તેઓની જડતી તપાસ કરતા એક દેશી બાનાવટનો તમંચો તથા કાર્ટીસ નંગ-૨ સાથે મળી આવતા અત્રે ડી.સી.બી. પો.સ્ટેશન ખાતે પાર્ટ બી- ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૧૨૦૦૧૩૯/૨૦૨૦ ધી આર્મ્સ એકટ કલમ:- ૨૫ (૧-બી)એ, ૨૯ તથા જી.પી.એકટ કલમ:- ૧૩૫(૧) મુજબ ગુન્હો રજી કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

આ કામે પકડાયેલ આરોપી સુરેશ ઉર્ફે રઘુ પ્રજાપતિ નાની પુછપરછ કરતાં જણાવેલ કે, પોતાને નશો કરવાની આદત હોય અને પોતાની પાસે પૈસા નહિ હોવાથી તા.૨૫/૦૯/૨૦૨૦ ના રોજ મોડી રાતના પોતે તથા પોતાનો મિત્ર કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નાને સાથે લઇ પોતાના મિત્ર નિમેષ નમ્હા નુ એક્સેસ સ્કુટર લઇ થલતેજ ચાર રસ્તા પાસે

ટાઇટેનીયમ સ્ક્વેરની સામે એક બાઇકવાળાને રોકી તેની પાસેથી એક મોબાઇલ ફોન તથા રોકડા રૂ.૫૯૦/- લઇને નીકળી ગયેલા તે પછી વસ્ત્રાપુર આલ્ફા-૧ મોલની સામે રોડની સાઇડમાં એક છોકરો અને છોકરી ઉભેલ હોય તેઓને પોતાની પાસેનો તમંચો બતાવી એક મોબાઇલ ફોન તથા રોકડા રૂ.૩૦૦/- તથા એક થેલો જેમાં પાવર બેન્ક તથા પેન ડ્રાઇવની લુટ કરેલા જણાવેલ. તેમજ આ સિવાય પોતે તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર બંન્ને ભેગા મળી પોતાના મિત્ર નિમેષ નમ્હા નુ એક્સેસ સ્કુટર લઇ નીચે જણાવેલ જગ્યાએથી છરી બતાવી લુટ કરેલાનુ જણાવેલ છે.

(૧) આજથી એક દોઢે માસ પહેલા બે અઢી વાગ્યાના સુમારે ઇન્કમટેક્ષ પાસે અંડર બ્રીજમાંથી પસાર થતો એક મોટર સાયકલ ચાલકને રોકી પોતાની પાસેની છરી બતાવી તેનુ પર્સ જેમાં રોકડા રૂ.૮૦૦/- તથા સ્કુલ બેગ જેમાં ટીફીન સાથેનુ લુટ કરી લઇ ગયેલ.

(૨) આજથી દશેક દિવસ પહેલા રાત્રીના એકાદ વાગેના સુમારે થલતેજ અંડર બ્રીજની અંદર એક કંન્ટેનર સાઇડમાં ઉભેલ જેના ડ્રાયવર તથા કંડકટર કેબીનમાં સુઇ રહેલ હોય તેઓના ખીસ્સામાંથી પર્સ કાઢી લીધેલ જેમાં રોકડા રૂ.૧૫૦૦/- તથા એક સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન લઇ ગયેલ.

(૩) આજથી ત્રણેક માસ પહેલા બપોરના બારેક વાગ્યાના સુમારે મેમનગર દેવીયા પથ સ્કુલ પાસે ગાર્ડન પાસે એક ઇસમ ચાલતો જતો હતો તેને રોકી તેના ખેસ્સામાંથી એક કીપેડ મોબાઇલ ફોન કાઢી લીધેલ.

(૪) આજથી દોઢેક વર્ષ પહેલા બપોરના બે વાગ્યાના સુમારે વસ્ત્રાપુર સિન્ધુ ભવન રોડ ગોટીલા ગાર્ડનની બહાર દિવાલ પાસે એક કપલ બેસેલ હોય તેને પોતાની પાસેની છરી બતાવી રોકડા રૂ.૫૦૦/- તથા મોબાઇલ ફોન લુટ કરી લઇ ગયેલ.

આ ગુન્હાના કામે પકડાયેલ આરોપી સુરેશ ઉર્ફે રઘુ એસ/ઓફ શંકરભાઇ ભીમજીભાઇ પ્રજાપતિ ઉ.વ.૨૨ નાની પાસેથી મળી આવેલ હથિયાર તથા કારતુસો કઇ જગ્યાએથી લાવેલ છે. અને મળી આવેલ હથિયારથી બીજા કોઇ ગુન્હાઓ કરેલ છે. કે કેમ તે બાબતે આગળની તપાસ પોલીસ સબ ઇન્સ. શ્રી વી.એન. ભરવાડ નાઓ ચલાવી રહેલ છે.

**આરોપીનો પૂર્વ ઇતિહાસ:-**

આરોપી સુરેશ ઉર્ફે રઘુ પ્રજાપતિ અગાઉ ત્રણેક વર્ષ પહેલા ઉદેપુર સીટીના ગોરધનવિલાસ પો.સ્ટેશનમાં એક હથિયારના તથા એક મોટર સાયકલની ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.



# લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :-

## તા.૨૮/૦૯/૨૦૨૦ નારોજ  સોમવિલા બંગલોમાં થયેલ લુંટ નો ભેદ ઉકેલતી સોલા હાઇકોર્ટ પોલીસ

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો. રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ ગઇ તા.૨૮/૦૯/૨૦૨૦ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સોમવીલા સોસાયટી થલતેજ અમદાવાદના મકાન નં-૭ માં બપોરે બે વાગ્યાથી આશરે પોણા ત્રણ વાગ્યાના સુમારે એક ઇસમ ધુસી જઇ ફરીયાદીના કામવાળા બેનને બાથરૂમમા પુરી દઇ બાથરૂમનો દરવાજો બંધ કરી દઇ ફરીયાદીના ઘરના ઉપરના માળે જઇ તેઓના પાળેલા કુતરાને બેડરૂમમા પુરી દઇ ફરીયાદીને ચપ્પુ બતાવી સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી રૂ.૫૨,૦૦૦/- ની મત્તાની લુંટ કરી ભાગી ગયેલ હોય જે ગુનો ડીટેક્ટ કરવા સારૂ હુકમ કરેલ હોય જે આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સીધા સુપરવિઝન હેઠળ સર્વેલન્સ સ્ટાફ સંયુક્ત ટીમ દ્વારા ફરીયાદીના જણાવ્યા મુજબના વર્ણન વાળા આરોપીને વૈજ્ઞાનીક તેમજ આધુનીક ઢબે તપાસ કરી ટેક્નિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન ઇન્ટેલિજન્સ મારફતે શોધી કાઢવામા આવેલ છે.

### આરોપી

નિરવ સુરેશભાઇ પટેલ ઉવ.૨૭ રહે. ૯, મણીયાર હાઉસ, શાંતીવન રોડ, એન.આઇ.ડી પાછળ, એલીશબ્રીજ, અમદાવાદ

### મુદામાલ રિકવર

સોના ચાંદીના દાગીના એપલના એરપોર્ડ , એપલની વોચ મળી કુલ્લે રૂ.૫૦,૦૦૦/-

### ગુનો

સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-પાર્ટ A-૧૧૧૯૧૦૪૫૨૦૧૮૯૧ ધી ઇપીકો કલમ ૩૯૨, ૪૪૨, ૫૦૬(૨) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ

એમ.ઓ :- આ ગુનાના આરોપી નિરવ પટેલ નાનો અલગ અલગ ક્રાઇમ રિલેટેડ વેબ સીરીઝ જોઇ તે આધારે લુંટનો પ્લાન બનાવી પ્રથમ પોતાના નજીકના કાકા કે જેમના ઘરે વધુ કેશ પડી રહેતી હોવાનુ આરોપી જાણતો હોય લુંટ કરવા સારૂ પ્રથમ તેણે પોતાના ઘરમાથી છરી લીધેલ બાદ દરવાજાના હેન્ડલ માથી પીસ્ટલ જેવુ દેખાય તે આકારનુ સાધન બનાવેલ અને પાલડીથી પોતાના કાકાના ઘરે થલતેજ ખાતે લુંટ કરવા સારૂ ગયેલ પરંતુ ત્યાં વધુ માણસો હાજર હોય ત્યાંથી પરત નીકળી ઉપરોક્ત ગુનાવાળા મકાનને ટાર્ગેટ બનાવેલ. લૂંટ માટેના વેલ પ્રી-પ્લાનીંગ મુજબ પ્રથમ આરોપી પોતાનુ યામાહા મો.સા લઇ નેહરૂનગર ગોપાલ પેલેસના બી વીંગના બેઝમેન્ટમાં પોતાનુ યામાહા મો.સા મુકી ત્યાં પોતે પહેરેલ ઝેકેટ ચેન્જ કરી વાદળી કલરની ટીશર્ટ પહેરી લીધેલ અને ત્યાં એક સ્પ્લેન્ડર મો.સા. પડેલ હોય જેને ડુપ્લીકેટ ચાવીથી ચાલુ કરી પોતાનુ હેલ્મેટ પોતાના મો.સા ઉપર મુકી બાજુના મો.સા ઉપર પડેલ બીજુ હેલ્મેટ પહેરી લીધેલ અને ત્યાંથી લુંટવાળી જગ્યાએ જઇ લુંટ કરી પરત સ્પ્લેન્ડર મો.સા ઉપર બીનોરી હોટલથી થલતેજ ચારરસ્તા એ.એમ.ટી.એસ ના બસ સ્ટેન્ડ પાસે ઉભા રહી ફરીથી લુંટ સમયે પહેરેલ વાદળી કલરની ટીશર્ટ ચેન્જ કરી પટ્ટાવાળી ટીશર્ટ પહેરી લીધેલ અને આ કપડા ચેન્જ કર્યા બાદ પોતાનુ યામાહા મો.સા જયાં નેહરૂનગર ગોપાલ પેલેસના પાર્ક કરેલ હતુ ત્યાં સપલેન્ડર મો.સા જે તે જગ્યાએ મુકી પોતાનુ પેન્ટ ચેન્જ કરી ટ્રેક બર્મુડો પહેરી લીધેલ અને પોતાનુ હેલ્મેટ પહેરી ત્યાંથી પોતાનુ યામાહા મો.સા. લઇને નિકળી પોતાના ઘરે ગયેલ. આમ ક્રાઇમ સીરીઝ જોઇ સી.સી.ટી.વી. કેમેરા આધારે પોલીસ પોતાને સોધી ના શકે તે સારૂ સતત પોતાના કપડા, હેલ્મેટ તથા મો.સા ચેઇન્જ કરી લુંટનો ગુનો આચરેલ છે.

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર, તથા પો.સ.ઇ. એમ.જે.હુણ તથા એ.એસ.આઈ. અમીતભાઇ રણછોડભાઇ બ.નં-૧૩૫૫૨, અ.પો.કો. જયપાલસિંહ બહાદુરસિંહ બ.નં-૧૩૧૧૨, અ.પો.કો જયરામભાઇ રેવાભાઇ બ.નં.૯૪૯૯, અ.પો.કો મહિપતસિંહ અરવીંદસિંહ બ.નં.૧૦૨૨૨, અ.પો.કો નરેશભાઇ ફતાભાઇ બ.નં.૪૫૩૮ તથા પો.કો. અજીતસંગ નારણસંગ બ.નં-૭૪૧૫, અ.હે.કો. તારીકમહમદ સિંકદરભાઈ બ.ન.૯૭૩૫, અ.પો.કો. જયપાલસિંહ દશરથસિંહ બ.નં-૩૮૩૪, અ.હે.કો વિરભદ્રસિંહ વનરાજસિંહ બ.નં-૪૬૮૩, અ.હે.કો. કેતનભાઈ અંબાલાલ બ.નં ૫૧૧૭, અ.પો.કો. હેમરાજસિંહ માનસિંગ બ.નં-૪૨૭૯, અ.પો.કો. મહાવીરદાન નટવરદાન બ.નં-૬૩૬૮, અ.લોકરક્ષક ધર્મેશભાઇ લીલાભાઇ બ.નં.૧૧૭૦૫, લોકરક્ષક પ્રફુલભાઈ છેલાભાઈ બ.નં-૧૨૫૩૦, લોકરક્ષક માધુભાઇ પોલાભાઇ બ.નં-૧૦૯૧, WLR ભારતીબેન મસરીભાઈ બ.નં-૧૦૫૫૨ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો જોડાયેલા હતા.

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :-

## જાહેરમા પાર્ક કરેલ મો. સા. ના ડુપ્લીકટ ચાવીથી લોક ખોલી મો. સા. ચોરી કરતા ઈસમને મુદ્દામાલ સાથે શોધી કાઢી પકડી પાડતી ઓઢવ પોલીસ

પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ અચલ ત્યાગી સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર આઈ ડીવીઝન એન.એલ.દેસાઈ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા ઓઢવ પોલીસ સ્ટેશન નાઓએ મિલ્કત સંબધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે ગઈ તા-૨૮/૦૯/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસો ઓઢવ પો. સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા અનેબાતમી હકીકતના આધારે કલાક-૧૭/૫૦ વાગે ઓઢવ ફાયર સ્ટેશનની સામેથી એક ઈસમને ઓઢવ પોલીસ સ્ટેશનના વાહન ચોરીના ગુનાના કામે મુદ્દામાલ (બજાજ પ્લસર મો. સા.) સાથે પકડી લઈ મુદ્દામાલ કબ્જે કરી સ્થાનીક પોલીસ સ્ટેશનમા રજીસ્ટર થયેલ મિલ્કત સંબધી ગુનો શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે તા-૩૦/૦૯/૨૦૨૦

ગુ.ર.નં.-

ઓઢવ પો. સ્ટે. પાર્ટ એ/૧૧૧૯૧૦૩૭૨૦૧૦૩૪/૨૦૨૦ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબ

આરોપી-

પ્રેમસ/ઓજયેશભાઈરામબહાદુરસિંગશાસ્ત્રીઉ.વ.-૨૦રહેવાસી-મુકેશનગર રાજેન્દ્રપાર્કઓઢવઅમદાવાદ શહેર

મુદ્દામાલ-

બજાજ પલ્સર મો. સા. નંબર GJ-27-BM-1613 કી.રૂ.- ૭૦,૦૦૦/-

બાતમી હકીકત મેળવનાર-

(૧) અ. હે. કો. રાજેશભાઈ રમેશભાઈ બ.નં.-૬૭૬૯

(૨) અ. પો. કો. અગરસિંહ દોલતસિંહ બ.નં.-૧૧૮૨૧

કામગીરી કરનાર-

(૧)પો. સબ ઈન્સ. ડી. બી. પલાસ (૨) અ. લો. ર. ચાપરાજભાઈ ઉગાભાઈ બ.નં.- ૧૧૩૫૬

(૩) અ. લો.ર. જયદીપસિંહ કનુભાઈ બ.નં.-૧૨૯૭૪૭

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ઇસનપુર પોલીસ સ્ટેશન :-**

## ભારતીય બનાવટની વિદેશી દારૂની ૫૧ બોટલ તથા બિયરના ટીન નંગ-૬૨ મળી કુલ રૂપિયા ૪૨,૪૫૦/- નો જથ્થો તથા ત્રણ મોબાઇલ ફોન તથા રોકડા નાણા રૂપિયા ૧૭૮૦/-મળી કુલ રૂપિયા ૬૦,૨૩૦/-નો મુદ્દામાલ પકડી પાડી પ્રોહીબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય અને પ્રોહીબિશન ની બદી નેસ્ત નાબુદ થાય તે સારૂ ઇસનપુર પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા લોકરક્ષક સચીન નારણભાઇ તથા લોકરક્ષક વિજય મગનભાઇનાઓને મળેલ સયુક્ત બાતમી હકિકત આધારે આરોપી (૧) મયુર ઉર્ફે જેંગો સ/ઓ ડુંગરશી રાયશી રાંભીયા ઉ.વ ૩૩ રહે, મ.નં બી/૧૦૫ શિવ રો-હાઉસ ઇશ્વરનગરની સામે ઉત્તમનગર ઇસનપુર અમદાવાદ શહેર તથા (૨) ભુપેન્દ્ર ઉર્ફે ચિરાગ સ/ઓ અજીતભાઇ હંસરાજભાઇ જૈન ઉ.વ ૨૯ રહે,મ.નં ૫ કુંજગીરી ફ્લેટ રૂક્ષ્મણીબેન હોસ્પીટલની સામે ખોખરા અમદાવાદ શહેર તથા (૩) નેશ ઉર્ફે મોનશુ સ/ઓ એરીક બેન્જામીન લી (ક્રિશ્ચયન) ઉ.વ ૨૨ રહે,મ.નં ૯/૨૦૦ જુના સ્લમ ક્વાટર્સ મેથોડીસ ચર્ચની સામે શિવમનગર ખોખરા અમદાવાદ શહેરનાઓને તા ૨૯/૦૯/૨૦૨૦ ના કલાક ૨૩/૪૫ વાગે મ.નં બી/૧૦૫ શિવ રો-હાઉસ ઇશ્વરનગરની સામે ઉત્તમનગર ઇસનપુર ખાતેથી ભારતીય બનાવટની વિદેશીદારૂની શીલબંધ બોટલ નંગ-૫૧ કિંમત રૂપિયા ૩૩,૧૫૦/-તથા બિયરના ટીન નંગ-૬૨ કિમત રૂપિયા ૯૩૦૦/-નો તથા મોબાઇલ ફોન નંગ-3 કિંમત રૂપિયા ૧૬,૦૦૦/-ના તથા રોકડા નાણા રૂપિયા ૧૭૮૦/-મળી કુલ રૂપિયા ૬૦,૨૩૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-સી-૧૧૧૯૧૦૨૨૨૦૧૩૯૨/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(૧)બી,૬૫એ,ઇ,૧૧૬(બી),૮૧ મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી કરેલ છે તા ૩૦/૦૯/૨૦૨૦



**ઓઢવ પોલીસ સ્ટેશન :-**

## ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે આરોપીને પકડી સ્થાનીક કક્ષાએ ગણાનાપાત્ર કેસ શોધી કાઢતી ઓઢવ પોલીસ

પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ અચલ ત્યાગી સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર આઈ ડીવીઝન એન.એલ.દેસાઈ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા ઓઢવ પોલીસ સ્ટેશન નાઓએ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશનના ગુનાઓ શોધી કાઢવા અને પ્રોહીબીશનના ગુનાઓ અટકાવવા સારૂ આપેલ સુચના આધારે તા-૩૦/૦૯/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસો ઓઢવ પો. સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા અને બાતમી હકીકતના આધારે કલાક-૦૭/૦૦ વાગે ઓઢવ વીરાટનગર રોડ ફુવારા સર્કલ પાસેથી એક ઈસમને મુદ્દામાલ સાથે પકડી લઈ મુદ્દામાલ કબ્જે કરી સ્થાનીક પોલીસ સ્ટેશનમા ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરી ગણનાપાત્ર શોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા-૩૦/૦૯/૨૦૨૦

ગુ.ર.નં.-ઓઢવ પો. સ્ટે. ગુ.ર.નં.પાર્ટ સી/૧૧૧૯૧૦૩૭૨૦૧૦૪૬/૨૦૨૦ ધી.પ્રોહીબીશન એક્ટ કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) ૮૧ મુજબ

આરોપી-૧ ક્રિષ્ના સ/ઓ મુનેશ ગીરીરાજસિંગ શીકરવાર (જાટ) ઉ.વ.-૧૯ રહેવાસી-મ.ન.-સી/૫૩ તેજન્દ્રપ્રકાશ સોસાયટી વિભાગ-૧ નીકોલ અમદાવાદ શહેર મુળગામ સૈદપુર તા. મહાવન જી. મથુરા ઉત્તરપ્રદેશ

આરોપી-૨ (વોન્ટેડ) ભરતસિંહ ઉર્ફે ભરતુ રાજપુત જેમનુ પુરૂ નામ જાણવા મળેલ નથી રહેવાસી-ખોડીયાર જયોતનો ટેકરો નિકોલ અમદાવાદ શહેર

મુદ્દામાલ-(૧)ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ- ૬૦ કી. રૂ.-૩૦૦૦૦/- (૨) મો. ફોન-૧ કી.રૂ.-૪૦૦૦/- (૩)સી.એન. જી. ઓટો રીક્ષા-૧ કી.રૂ.-૫૦,૦૦૦/-કુલ મુદ્દામાલ કી. રૂ-૮૪,૦૦૦/-

બાતમી હકીકત મેળવનાર-(૧) અ.લો.ર. કરણ ગીરધરભાઈ બ.ન.-૧૨૭૮૧ (૨) અ.લો.ર. પરિમલ મોહનભાઈ બ.નં. ૧૨૯૬૦

કામગીરી કરનાર- (૧)-પો. સબ ઈન્સ. ડી. બી. પલાસ તથા (૨) મ.સ.ઈ. અળખાભાઈ કરશનભાઈ બ.નં-૮૬૧૫ (૩) અ.પો.કો. બીજલભાઈ શામળાભાઈ બ.નં.-૧૦૩૫૮ તથા (૪) અપો.કો. ગુલાબભાઈ જગદીશભાઈ બ.નં.-૧૦૧૯૫ (૫) અ.લો.ર. જયદીપસિંહ દેવસંગભાઈ બ.નં.-૧૧૯૪૯

# પાસા અટકાયતીની વિગત

## ખાડીયા પોલીસ સ્ટેશન :-

## ઇ-ગુજકોપ એપ્લીકેશનનો ઉપયોગ કરી પાસા અટકાયતના આરોપીને પકડી "ખાસ જેલ પાલારા" ભુજ (કચ્છ) જેલ ખાતે મોકલી આપી ખાડીયા પોલીસે કરેલ પ્રસંશનીય કામગીરી

મહે. પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેરનાઓના હુકમ તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ આર.વી.અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી મકરંદ ચૌહાણ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'ઇ' ડિવી. શ્રી ડૉ.સાગર સાંબડા સાહેબ નાઓના માર્ગદર્શન અને વધુમાં વધુ પાસા અટકાયતી પગલાં લેવાની સુચના આપતા જે સુચના આધારે જાહેર સલમતી અને વ્યવસ્થાતેમજ મિલ્કત વિરૂધ્ધના કૃત્યો અટકવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ આધારે અમો પોલીસ ઇન્સપેક્ટર પી.ડી.સોલંકી ખાડીયા પોલીસ સ્ટેશન નાઓએ નીચે જણાવેલ નામ વાળા આરોપી જાહેર વ્યવસ્થા વિરૂધ્ધના કૃત્યો કરતો હોઇ તેના વિરૂધ્ધ દાખલ થયેલ ગુન્હાઓની માહીતી ઇ-ગુજકોપ એપ્લીકેશન ધ્વારા મેળવી સદરી આરોપી વિરૂધ્ધ પુરાવા એકત્ર કરી અત્રેના પો.સ્ટે.ના અ.હે.કો. ગેમરભાઇ આલાભાઇ તથા અ.પો.કો. દિપકકુમાર તનસુખભાઇ તથા અ.લો.ર. રાજેશ ધરમશીભાઇનાઓએ અમારી સુચના આધારે પાસા દરખાસ્ત તૈયાર કરતા સદરી આરોપી વિરૂધ્ધની પાસા અટકયત અંગેની દરખાસ્ત મહે. પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા અટકાયત હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/૯૭૧/૨૦૨૦ તા.૩૦/૦૯/૨૦૨૦ થી પાસા અટકાયત હુકમ કરતા સદરી હુકમ આધારે સર્વેલન્સ સ્કોડ ના હે.કો. રાજારામ રૂપાભાઇ તથા હે.કો.માલજીભાઇ નાથુભાઇ તથા હે.કો.ભાગ્યદિપ મહેશકુમાર તથા તથા પો.કો.ધૃવરાજસિંહ અશોકસિંહ તથા પો.કો જગદિશભાઇ જેઠાભાઇ તથા પો.કો.કુંદનકુમાર ભરતભાઇ તથા પો.કો. વિષ્ણુકુમાર દેવીસિંહ તથા લો.ર.મુકેશકુમાર કાનજીભાઇ પોલીસ સ્ટાફના માણસોએ સદરી ઇસમની વૉચ કરી મળી આવતા હે.કો. ગેમરભાઇ આલાભાઇ બ.નં – ૮૦૨૨ નાઓએ સદરી પાસા અટકાયતીને તા.૩૦/૦૯/૨૦ ના રોજ  પાસા હુકમની બજવણી કરી "ખાસ જેલ પાલારા" ભુજ (કચ્છ)જેલ ખાતે પાસા અટકાયત હેઠળ મોકલી આપવા તજવીજ કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે. તા.૩૦/૦૯/૨૦૨૦.

## ઓઢવ પોલીસ સ્ટેશન :-

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારી પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને ભુજ પાલારા જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

અજયભાઇ સ/ઓ રમેશભાઇ ચુનારા ઉ વ ૨૬ રહેવાસી મ નં બી/૨૧ રામદેવનગર પુષ્કર હીલ સામે ગુરુ ધ્વારા પસે ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન ગામ ધમીજ તા. કઠલાલ જીલ્લો

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ સી/૧૧૧૯1૦3૭૨૦૦૯૬૧/૨૦૨૦ ધી પ્રોહી કલમ ૬૬ (બી) ,૬૫ઈ ૮૧, મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં- PCB/DTN/PASA/970/2020 તા. 29/09/2020 તથા બજવણી તા :- ૩૦/૦૯/૨૦૨૦ ના કલાક ૧૯/૦૦ વાગે

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી ડી બી પલાસ તથા અનાર્મ હે કો સંજયકુમાર કડવાજી બ. નં- ૫૨૦૭ તથા અ હે કો મયુરધ્વજસિંહ રણજીતસિંહ બ. નં. ૮૬૩૭ તથા અ પો કો અશોકભાઇ મોહનભાઇ બ. નં. ૬૨૮૫

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૯૧ લીટર દેશી દારૂ, ૩૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૦૭ બિયર ટીન, ૩ કાર અને ૩ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૪૭૦ અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૩/૨૦૨૦**

**વાડજઃ** શારદાબહેન ખેમચંદભાઇ પંચાલ (ઉ.વ.૬૬) (રહે. ગૌરીપુજા રો હાઉસ મંગલદીપ સ્કુલ સામે વિશ્વકર્મા મંદીર સામે નવા વાડજ) તા.૩૦/૦૯/૨૦૨૦ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે નવા વાડજ વિશ્વકર્મા મંદીરની બાજુમા આવેલ ઉમીયા કિરાણા સ્ટોર નામની દુકાન આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે પલ્સર મોટર સાઇકલ ઉપર આવેલ બે પુરૂષ શારદાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શારદાબહેન પંચાલે વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.પી.પરમાર ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૪/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** અજીતસિહ રણજીતસિહ વાળા (રહે. સંપન્ન બંગલોઝ વિભાગ-૧ ઝાયડસ હોસ્પીટલની બાજુમાં થલતેજ) એ તા.૨૭/૦૯/૨૦૨૦ સાજના ૭/૪૫ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની મહીન્દ્રા સ્કોર્પીયો ગાડી નંબર જીજે ૩૩ બી ૦૦૯૯ કિમત રૂપિયા ૭,૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૮/૦૯/૨૦૨૦ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ અજીતસિહ વાળાએ તા.૩૦/૦૯/૨૦૨૦ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

## ચોથા માળથી પડી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૬૭૫/૨૦૨૦

**નવરંગપુરાઃ** નિર્મલસિંગ સુગરસિંગ યાદવ (ઉ.વ.૩૯) (રહે. નવસંસ્કાર સ્કુલ સામે રત્નાભાઈની ચાલી ચાંદલોડીયા) તા.૩૦/૦૯/૨૦૨૦ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે નવરંગપુરા સમય એપાર્ટમેંન્ટના ચોથા માળે કલરકામ કામ કરતા હતા ત્યારે ચોથા માળે બારીમાંથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સજુભાઈ નારણભાઈ ચલાવે છે.

## અપમૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૬૭૬/૨૦૨૦

**વટવાઃ** વટવા ગામડી રોડ પારીજાતની નવી બનતી સાઇટ ઉપર કામ કરતા અને ત્યા જ રહેતા તેજાબભાઇ નાજુભાઇ માવી (ઉ.વ.૨૨) (મુળ વતન. ગામ-વાકળા ફળીયુ મોટી ખરજ તા-જી-દાહોદ) તા.૩૦/૦૯/૨૦૨૦ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે સાઇટ ઉપર સાતમા માળે કામ કરતા હતા ત્યારે અચાનક ક્રેન ફેરવવા જતા તેનો છેડો અડી જતા સાતમા માળેથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઇ ગીબાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી